(૧) સાંભળ્યા, કેસનું રેકર્ડ ધ્યાને લેતા,સી.આર.પી.સી.કલમ ૧૫૪ મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફર્સ્ટ ઈન્ફોરમેશન રીપોર્ટ ( એફ.આઈ.આર) ના અનુસંધાનમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરૂધ્ધ પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ ધ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાના ભંગ બદલ આઈ.પી.સી.ની કલમ ૧૮૮,એપેડમીક ડિસીઝ એકટ કલમ–૦૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) સી.આર.પી.સી.કલમ–૧૯૫ મુજબ આઈ.પી.સી.ની કલમ ૧૭૨ થી ૧૮૮(બંને કલમો સહીત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ ત્યારેજ લઈ શકાય કે જયારે સંલગ્ન જાહેર સેવક ધ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા(એટલે કે,આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) ની **<u>લેખિત ફરીયાદ વગર લઈ શકાય નહીં</u>**.એવી કાયદાકીય મેન્ડેટરી જોગવાઈ રહેલ છે.–એપેડમીક ડિસીઝ એકટ કલમ–૦૩ મુજબ ગુનાના ભંગ બદલ આઈ.પી.સી.ની કલમ ૧૮૮ મુજબના ગુના સંબંધે કાર્યવાહી કરવા જોગવાઈ કરવામાં આવેલી છે તે જ રીતે......

– ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) માં પણ એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તે ફરીયાદ કરી શકે અથવા કોઈ વ્યકિત આવા ગુન્હા સંબંધે ફરીયાદ કરવા માંગે છે તેવા ઈરાદા સાથે નિયત કરેલા નમુનામાં ૩૦ દિવસથી ઓછા સમયની ન હોય તેવી નોટીસ સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તેને આવી નોટીસ આપ્યા બાદ ફરીયાદ કરી શકે છે આ જોગવાઈઓનું પાલન કર્યા વગર અદાલત ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકતી નથી. હાલના કેસમાં કોઈ સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તેને ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૬૦ ના કલોઝ(એ) મુજબની કોઈ ફરીયાદ કરવામાં આવેલ નથી કે અન્ય કોઈ વ્યકિતએ આ અધિનિયમની (બી) મુજબની પ્રક્રિયા કર્યા બાદ ફરીયાદ કરેલ નથી. આમ સદર કાયદાની ફરજીયાત જોગવાઈઓનું પાલન પણ આ કેસમાં થયેલ નથી.

(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જશવંતસિંહ ફલજીભાઈ વિરૂધ્ધ ગુજરાત રાજયના કેસમાં તારીખ ૦૯/૧૨/૨૦૦૩ ના ચુકાદામાં '' <u>આઈ.પી.સી.ની કલમ–૧૮૮ કોગ્નીઝેબલ હોવાનું નામદાર અદાલતે અવલોકન કરેલ છે.''</u>

– કોગ્નીઝેબલ ગુનો એટલે કે જેમાં પોલીસ વોરંટ વગર આરોપીની ધરપકડ કરી શકે તપાસ કરી શકે તેવો ગુન્હો પરંતુ સી.આર.પી.સી.કલમ–૧૯૫માં આ સામાન્ય જોગવાઈમાં કલમ–૧૯૫ થી સામાન્ય બાધ(અપવાદ) કરવામાં આવેલ` તેમાં એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે કે, આઈ.પી.સી.ની કલમ–૧૭૨ થી ૧૮૮(બંને કલમો સહીત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ ત્યારેજ લઈ શકાય કે જયારે સલગ્ન જાહેર સેવક ધ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકાર) ની **<u>લેખિત ફરીયાદ વગર લઈ શકાય નહીં.</u>** આમ એકમાત્ર કોગ્નીઝેબલ ગુનો બનતો હોય અને પોલીસને તપાસની સત્તા રહેલી હોય એટલા માત્રથી સી.આર.પી.સી.કલમ–૧૯૫ ની ફરીજીયાત જોગવાઈનો બાધ નડે નહી તેવું માની શકાય નહીં.

(૪) <u>નામદાર સુપ્રિમકોર્ટ</u>,.......(૧) એમ.એસ.અહલ્લાવત વિરૂધ્ધ હરિયાણા એ.આઈ.આર.૨૦૦૦ (સુ.કો.) પેજ નં.૧૬૮,(૨) દોલતરામ વિરૂધ્ધ પંજાબ રાજય એ.આઈ.આર.૧૯૬૨ (સુ.કો.) પેજ નં.૧૨૦૬,(૩) બબીતાલીલા વિરૂધ્ધ યુનીયન ઓફ ઈન્ડિયા એસ.એલ.પી.(ક્રિમીનલ) ૧૪૭૪/૨૦૧૨, (૪) મુનીઅપ્ન અને બીજા વિરૂધ્ધ તામીલનાડુ રાજય ક્રિમીનલ અપીલ નં. ૧૨૭ થી ૧૩૦/૨૦૦૮ તેમજ <u>નામદાર ગુજરાત હાઈકોર્ટે.....</u>(૧) બેચરવાલા વિરૂધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં. ૫૦૯/૨૦૦૧,(૨) કાનજીભાઈ બબલદાસ પટેલ વિરૂધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૩૪૮/૧૯૯૫, (૩)અરૂણધતી ભટ્ટાચાર્ય વિરૂધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૧૭૨૮૬/૨૦૧૭, (૪) ગોર્વધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરૂધ્ધ ગુજરાત રાજય ૨૦૧૮(૧) જી.એલ.એચ.પેજ નં.૬૩ ના કેસ લોમાં એવું હેલ્ડ કરવામાં આવેલ છે કે ,The provisions of Section 195 Cr.P.C. are mandatory and Non-compliance of it would vitiate the prosecution and all other consequential orders. The Court cannot assume the cognizance of the case without such complaint. In the absence of such a complaint, the trial and conviction will be void abinitio being without jurisdiction. નામદાર મહારાષ્ટ્ર હાઈકોર્ટની ડિવીઝન બેન્ચે હલ્લાશેવ વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય ક્રિમીનલ એપ્લીકેશન નં.૪૫૩/૨૦૨૦ ના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે " We are of the opinion that allowing the prosecution to continue would be nothing but an abuse of the process of the Court in as much as there was an express legal bar against the institution of F.I.R. against an accused based on the police report."

(૫) નામદાર સુપ્રિમકોર્ટ પંકજ અગ્રવાલ વિરૂધ્ધ દિલ્લી રાજ્ય ૨૦૦૧(૩) ક્રાઇમ્સ (સુપ્રિમકોર્ટ) પેજ નં.૩૬૧ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે કાંદલ સરમણ જાડેજા વિરૂધ્ધ ગુજરાત રાજય ૨૦૧૯(૨) જી.એલ.આર.પેજ નં.૧૪૬૨ ના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે,જયારે ગુન્હા અલગ કરી શકાય તેવા હોય એટલે કે, સ્પીલીટ કરી શકાય તેવા હોય સ્વતંત્ર અને એક અલગ જ ગુન્હો બનતો હોય ત્યારે આવા સ્વતંત્ર ગુન્હાની કાર્યવાહી ચલાવી શકાય છે અને આવા ગુન્હાને સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ નો બાધ નડતો નથી પરંતુ જયારે થયેલ ગુન્હા એકબીજા સાથે એવી રીતે જોડાયેલા હોય, ઈન્ટરકનેકટેડ હોય,એકબીજાથી અલગ કરી શકાય તેવા ન હોય તેવા ગુન્હામાં સ્પષ્ટ રીતે સી.આર.પી.સી.કલમ–૧૯૫ છે અને આવા ગુન્હાની કાર્યવાહી આગળ ચલાવી શકાતી નથી, કમીશ્નરશ્રીના જાહેરનામાના ભંગ થતા ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલા ગુન્હા થયેલ છે તેવો પોલીસનો કેસ છે કેસની વિષય વસ્તુ ઘ્યાન સમક્ષ રાખતા આ ગુન્હાઓ એકબીજા સાથે એવી રીતે સ્ પષ્ટપણે સંકળાયેલા છે, એવી રીતે ઈન્ટર કનેકટડ છે કે, તેમને એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી આથી નામદાર સુપ્રિમકોર્ટે તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે ઉપરોકત પેરામાં દર્શાવિલા ચુકાદાઓમાં કરવામાં આવેલા અવલોકનો ઘ્યાને લેતાં હાલના કેસમાં સી.આર.પી.સી.કલમ–૧૯૫ ની કાયદાકીય ફરજીયાત જોગવાઈનો બાદ નડે છે આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટે વહીવટી બાજુએ સરકયુલર નં. ડી.૨૯૧૨–૧૩/૨૦૧૭ તારીખ ૨૯/૦૭/૨૦૧૭ થી વહીવટી સુચના પણ આપેલી છે આમ છતા આ કાર્યવાહી ચલાવવામાં આવે તો તે હકુમત વિનાની સમગ્ર કાર્યવાહીને દુષિત કરતી અનિયમશર્તાઓ સી.આર.પી.સી.કલમ–૪૬૧(આઈ) મુજબ ગણાય છે જે void ab-anitio ગણાય છે. – નામદાર સુપ્રિમકોર્ટે કે.પ્રભાકર રાવ વિરૂધ્ધ આંધ્રપ્રદેશ રાજય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ગોર્વધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરૂધ્ધ ગુજરાત રાજય ૨૦૧૮(૧) જી.એલ.એચ.પેજ નં.૬૩ તેમજ રેણુકા વિરૂધ્ધ કર્ણાટકા રાજય ૨૦૦૯ ક્રિમીનલ લો જનરલ ૨૨૪૫ (સુપ્રિમકોર્ટ) ના ચુકાદા ઘ્યાન સમક્ષ રાખી હાલના કેસમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેસીયલ મેજીસ્ટ્રીયલમાં જાહેર કરવામાં આવેલ છે.

**હુ ક મ**

આરોપી વિરૂધ્ધ આઈ.પી.સી.ની કલમ ૧૮૮,એપેડમીક ડિસીઝ એકટની કલમ–૦૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ –૫૧ (બી) મુજબના ગુન્હાની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેસીયલ મેજીસ્ટ્રેટ સીટીંગમાં તા. ૧૦ મી ૭ સને ૨૦૨૧ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

તારીખ :–૧૦/૭/૨૧

સ્થળ :–અમદાવાદ.

(એચ.એસ.પટેલ)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૮, અમદાવાદ.
( UIC NO. GJ00969)